સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

ચમક-દમકના પ્રચારનો ઉડે છે રંગ!
દિવા સ્વપ્નોનાં મેઘધનુષનો, ઉડે છે રંગ!
ઉડે છે રંગ, કીચ-કાદવના, ધારાસભામાં -
આ વિકાસ-મોડલની મ્હેંદીનો ઉડે છે રંગ!!
(ભરી ભરી પિચકારી, હોરી ખેલે નંદલાલો...)

ચહેરા-મોરાનો
હારની હતાશામાં -
ઉડે છે રંગ!
(રંગોત્સવ)

રેઢાં જોઈને -
હવે પેસે ઘરમાં -
આતંકવાદ!
('મુક્તિ' - મહેબૂબા!)

ચિંતન

शीलं प्रधानं पुरुषे तद्यस्येह प्रणश्यति ।
न तस्य जुपितेनार्थो न धनेन न बन्धुभिः ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

પુરુષમાં શીલ (ચારિત્ર્ય)મુખ્ય છે. જેનું ચારિત્ર્યનાશ પામે છે, તેને સંસારમાં જીવવાનું, ધનનું કે બંધુ (કુટુંબી)નું કોઈ પ્રયોજન રહેતું નથી.

શીલ વિના જીવન, અર્થ અને બંધુનો કોઈ અર્થન થી.

જીવન જીવવા માટે સદ્-ચારિત્ર્ય ખૂબ જ મહત્ત્વનું ચરિત્ર્યનો અર્થ વ્યાપક રીતે જોતાં માણસના વર્તન-વિચાર-વિવેક-સ્વભાવ-ગુણ આ બધાંનો સમાવેશ થાય છે. માત્ર શારીરિક રીતે વાસનાપૂર્ણ જીવવું એ તો પશુવૃત્તિથી જીવતા પ્રાણીઓ પણ જીવે જ છે. આવાં વ્યક્તિત્વને જીવનમાં ધન-પરિવાર કે સંબંધીની પણ ચિંતા-પરવા નથી હોતી.

આવા દુષ્ચરિત્ર વાળા લોકો પોલીસ દફતરેથી 'નામ કમી કરાવવા' કરોડો રૂપિયાનો ભોગ ધરે જ છે ને?

સુવિચાર

- જેમ ઉદય થતો સૂર્ય પણ લાલ વર્ણનો હોય છે અને અસ્ત પામતા સમયે પણ તે લાલ વર્ણનો હોય છે, એ જ રીતે બુદ્ધિમાન સજ્જનોનું સ્વરુપ પણ વિપત્તિ અને સંપત્તિમાં સમાન રહે છે - **માનસ મંદાકિની**
- જયાં ભગવાનના વિયોગમાં રૂદન થાય છે ત્યાં પાપનો નાશ થાય છે - **બોધિ વૃક્ષ**
- જે જીભના રસને જીતે છે, તે જ અલૌકિક રસનો અનુભવ કરે છે - **નવનીત**
- જિસકે હોંઠો પે હંસી ઔર પાંવો મેં છાલે હોંગે, માલિક!! વોહી તેરે ઢુંઢનેવાલે હોંગે - **જનકલ્યાણ**
- સુખની ઈચ્છા જેટલી પ્રબળ હોય દુ:ખ એટલું જ આપણને પ્રભાવિત કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો સફળતા મેળવવી હોય તો સહજતા, સરળતા, સજાગતા અપનાવી લો - **સંત ફ્રાન્સિસ**
- આજનું ઔષધ : દાડમનો રસ અથવા લીલી દાક્ષના રસમાં જીરૂં નાખીને લેવાથી એસીડીટી મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજના રાજાઓ સપથવિધિ પછી પહેલું કામ રાજય અને દેશની તિજોરી કેમ સાફ કરવી એના પર જ હોય છે :

બગદાદના ખલીફા એક સાચા લોકસવક અને સિદ્ધાંતનિષ્ઠ શાસક હતા. માત્ર દૈનિક ત્રણ દિરહામનું વેતન લઈને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

રમઝાન ઈદ નજીક આવી હોવાથી તેની બેગમ ખલીફાને વિનંતી કરી કે 'છોકરાને નવા કપડાં સીવડાવવાં ના છે; તો આપ ત્રણ દિવસનું વેતન અગાઉથી લઈ લો તો સારું' ખલીફાએ કહ્યું, 'બેગમ સાહિબા, ત્રણ દિવસ સુધી જીવી શકીએ એની ખાતરી થી ? હું રાજયનો કરજદાર થઈને મરવા નથી માગતો.'

બેગમ પણસમજીને ચૂપ થઈ ગયા. ખલીફા જેવા શાસક કે જે પોતાના કરતાં પ્રજા કે રાજયનું હિત વિચારે છે તે સાચા લોકસેવક દેશભક્ત કહેવાય.રાજા-પ્રધાનો પ્રજાના વતી રાજ કરે છે એ ટ્રસ્ટી છે. પ્રમાણિકપણું અને નિષ્ઠા એના શ્વાસોશ્વાસમાં હોવા જોઈએ.

રંગોનો અને ઉમળકાનો ઉત્સવ

હોળી-ધુળેટીના દિવસો ભારતીય સંસ્કૃતિમાં સ્ટ્રેસબસ્ટર ફેસ્ટિવલ તરીકે ઊજવાતા રહ્યા છે. જયારે આધુનિક મનોવિજ્ઞાન વિશે દુનિયા આખી અજાણ હતી ત્યારે આપણા દેશમાં લોકો મન મૂકીને એકમેકને રંગોમાં તરબોળ કરતા હતા, એમને મનમાં આવે એવી મુક્ત લલિત પદાવતીમાં સંબોધતા હતા અને છતાં કોઈને માઠું નહોતું લાગતું. કારણ કે બધી બાબતોનો એક જ જવાબ હતો : 'હોલી હૈ ! હોલિકોત્સવ પાછળની પૌરાણિક દંતકથાનો મર્મ પણ સમજવા જેવો છે. અહંકારી હિરણ્યકશિપુ પોતાના જ વિષ્ણુભક્ત પુત્ર પ્રહ્લાદને જીવતો સળગાવી દેવા સુધીની કાવતરાબાજી કરતો રહ્યો છતાં 'રામ રાખે એણે કોણ ચાખે' એ ન્યાયે પ્રહ્લાદનો વાળ વાંકો ન થયો અને એને ખોળામાં લઈને બેઠેલી ફાયરપ્રૂફ હોઈ સ્વાહા થઈ ગઈ. છેલ્લે તો સત્ય જ વિજયી થતું હોય છે, હા એને કારમી અગ્નિ પરીક્ષાઓ જરૂર વેઠવી પડે છે. આ સત્યના વિજયનો લોકોત્સવ તે હોળીનો રંગોત્સવ-ધુળેટી. એમાં વરસ આખું ગંભીર મુખવટા પહેરીને વિનય-વિવેકમાં રહેતાં નરનારીઓ વખત પૂરતાં સહજ બની જાય છે. મુખવટા ઊતરી જાય છે. દૂંટીમાં દબાઈને પડેલી લાગણીઓ હોઠે ચડે છે અને સામાન્ય દિવસોમાં જે શબ્દોને શબ્દકોશ બહારના અથવા બીભત્સ ગણીને વાપરવામાં ન આવે એવા શબ્દો પણ કયાંક ઢોલની થપાટ સાથે ફટાણાંમાં વણાઈને તો કયાંક સીધેસીધા ગુલાલના રંગે રંગાઈને ફંગોળતા હોય છે. આધુનિક મનોવિજ્ઞાન આને 'સ્ટ્રેસ બસ્ટર' વર્તણૂકની વૈજ્ઞાનિક ઓળખ આપે છે. ભારતીય સમાજ સદીઓથી દિવાળીની સમાંતર કક્ષાનો હોલિકોત્સવ ઊજવતો રહ્યો છે, તેનું આપણે જરૂર ગૌરવ લઈ શકીએ. પરંતુ કાળક્રમે આ રંગોત્સવમાં વિકૃતિઓ ભળી છે અને નિર્દોષ પ્રાકૃતિક રંગોની જગ્યા સિન્થેટિક રસાયણોએ લીધી છે. ઘણી વાર તો ડામર અને ફ્રુડ ઓઈલથી મોં કાળા કરાય છે. આવી ચેષ્ટાઓથી કયારેક સામી વ્યક્તિની આંખો, વાળ અને ત્વચાને ભારે ક્ષતિ પહોંચતી હોય છે. ઉમળકો આવકાર્ય બાબત છે પરંતુ ઉમળકો કોઈની ખૂબસૂરતીનો ભોગ લઈ લે અથવા મીઠી મશ્કરી કોઈની ઈજ્જતાના કાંકરા કરી નાખે એ હદે જલદ ન હોવાં જોઈએ. રંગો તો પ્રકૃતિનું માનવજાતને મળેલું વરદાન છે. એ રંગો આપણા જીવનમાં બલકે શ્વસોચ્છ્વાસમાં અને લોહીના લયમાં ઊતરી આપણી જિંદગીને વિશેષ રસિક અને સાર્થક બનાવે એથી રૂડું શું હોઈ શકે ? હોળી-ધુળેટીમાં વ્યસનોથી વેગળા રહી ભરપૂર નિર્દોષ આનંદ માણીએ અને જીવનને મેઘધનુષી બનાવીએ.'

તંત્રીસ્થાનેથી...

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૬માં (એ)થી (એન) સુધીના સુધારા : મહિલા અત્યાચારના ગુન્હામાં કડક સજાની જોગવાઈ

ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયના નવા સુધારા મુજબ સરકારી કર્મચારી દ્વારા તરૂણી કે સગર્ભા સ્ત્રી ઉપર બળાત્કાર, છેડતી કે અપહરણના ગુન્હામાં કડક કલમો દાખલ કરી ગંભીર સજા કરવાની જોગવાઈનો કડકપણે અમલ કરવા માર્ગદર્શીકા જારી કરવામાં આવી છે.

પોલીસ કમિશ્નરે રાજયમાં મહિલાઓ અને યુવતીના વધતા જાતીય સતામણીન કેસોને ધ્યાનમાં લઈને યુવતી કે સ્ત્રી ઉપર થતા અત્યાચાર રોકવા સમાજમાં દાખલો બેસે તે માટે આરોપી ઉપર કડક હાથે કામ લઈ જામીન ના મળે તેવી કલમોનો ઉપયોગ કરવા આદેશ જારી કર્યો છે. રાજયના દરેક પોલીસ મથકોએ પાઠવેલા અગત્યના પત્રમાં જણાવ્યા મુજબ ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા નવા એમેન્ડમેન્ટ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

બળાત્કારની કલમ ૩૭૬ અંતર્ગત મુદ્દા નં. ૨માં (એ) થી (એમ) સુધીની કલમો નવી ઉમેરવામાં આવી છે. જે મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૬ (૨) અનુસાર (એ) પોલીસ અધિકારી હોય તેવા કિસ્સામાં બળાત્કાર કરે ત્યારે (બી) રાજય સેવક હોય તેવા કિસ્સામાં બળાત્કાર કરે ત્યારે (સી) કેન્દ્ર અથવા રાજય સરકાર દ્વારા નિયુકત કરેલ સશસ્ત્ર દળના સભ્ય બળાત્કાર કરે ત્યારે (ડી) જેલ રીમાન્ડ હોય અથવા તેવા સમયે અમલી હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા કસ્ટડીના અન્ય સ્થળોના અથવા સ્ત્રીઓ કે જે બાળકની સંસ્થાના સંચાલન અથવા કર્મચારી વર્ગમાં હોય અને એવી જેલ, રીમાન્ડ હોય કે અન્ય સંસ્થાના અંતેવાસી ઉપર બળાત્કાર કરે ત્યારે (ઈ) હોસ્પિટલના સંચાલક અથવા કર્મચારી વર્ગના હોય તે હોસ્પિટલની કોઈ સ્ત્રી અથવા નર્સ ઉપર બળાત્કાર કરે ત્યારે (એફ) કોઈ સ્ત્રીના સબંધીવાળી અવથા અધ્યાપક હોય અથવા સ્ત્રીના ભરોસાપાત્ર કે તેના પ્રત્યે સત્તાધિકારની સ્થિતિમાં હોય ત્યારે (જી) કોમી અથવા સાંપ્રદાયીક કિસ્સા, તોફાનો દરમ્યાન બળાત્કાર કરે ત્યારે (એચ) કોઈ સ્ત્રી સગર્ભા હોય તે જાણવા છતા તેની ઉપર બળાત્કાર કરે (જે) અસમર્થ હોય તેવી સ્ત્રી ઉપર બળાત્કાર કરે (કે) કોઈ સ્ત્રી ઉપર નિયંત્રણ અથવા વર્ચસ્વ ધરાવતી વ્યકિત બળાત્કાર કરે (એલ) માનસીક, શારિરીક અસમર્થ સ્ત્રી ઉપર બળાત્કાર કરે (એમ) બળાત્કાર કરતી વખતે વિરૂધ્ધ બતાવે અથવા સ્ત્રીની જીંદગી જોખમમાં મુકે ભયમાં મુકે (એન) એક જ સ્ત્રી ઉપર વારંવાર બળાત્કાર કરે તેમને સામેલ કરી શકાય જયારે દુષ્કર્મ બે કે વધુ વ્યકિત દ્વારા આચરવામાં આવ્યું હોય ત્યારે ગેંગરેપની કલમ ૩૭૬ (ડી) લાગુ પાડવામાં આવશે.

રાજયમાં તબીબ દ્વારા, અધ્યાપક દ્વારા તથા પિતા દ્વારા પોતાના તાબામાં હોય તેવી સ્ત્રી કે યુવતી ઉપર શારિરીક શોષણના બનાવો વ્યાપક પ્રમાણમાં બનવા પામેલ છે આવા બનાવોમાં સ્ત્રી કે યુવતી જે તે વ્યક્તિ ઉપર ભરોષો, વિશ્વાસ કરી જતી હોય છે જેનો ભંગ કરી તેનું શારીરિક શોષણ કરી તેનો વિડીયો બનાવી તે જાહેર કરવાની ધમકી આપી વારંવાર તેનો શોષણ કરવો એ ગંભીર પ્રકારનો ગુન્હો છે. આવા ગુન્હામાં ૩૭૬ (ડી) લગાડી તેમજ સગીર યુવતી હોય તો આરોપી સામે પોસ્કોની કલમ પણ ઉમેરવામાં આવશે તેમજ તેના જામીન ના થાય અને આવા કેસો અન્ડર ટ્રાયલ ચાલે તેવી કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે.

ગંભીર ગુન્હામાં આરોપી જામીન ઉપર છુટી ભોગ બનનારને ધાક, ધમકી આપે, લોભ લાલચ કે વશમાં કરી ગુન્હો છાવરવાનો પ્રયત્ન કરી અદાલત બહાર સમાધાન કરી છુટી જવાના પેંતરા રચે અને સાક્ષી પુરાવાઓ સામે છેડછાડ કરે તેવી શકયતા રહેલી હોય આવા કેસો પુરવાર કરવામાં સરકાર પક્ષને ખુબ જ મુશ્કેલી ઉભી થતા જામીનની જોગવાઈ જ રદ કરવામાં આવેલ છે.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કેટલીકવાર ટયુશનના શિક્ષક દ્વારા સગીર યુવતીનું શોષણ કરી તેને ધાક, ધમકી આપવામાં આવે છે. સમાજમાં બદનામ થવાના બીકે અગર તો આરોપી નજીકનો સગો હોય સગા દ્વારા દાબદબાણ લાવી આવા કેસો દબાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય આવા કેસોમાં કેસ દાખલ કરવાની સમય મર્યાદામાંથી મુક્તી આપવામાં આવેલ છે. સગીર કે યુવતી ઈચ્છે તેટલા સમય બાદ આવા પ્રકારના કેસો આરોપી વિરૂધ્ધ દાખલ કરાવી શકે છે માત્ર લેટ કેસ કરવાનું વ્યાજબી કારણ હોવું જોઈએ.

હવેથી રાજયમાં છેડતી, અપહરણ, બળાત્કાર, શારીરિક શોષણના કેસમાં નવી માર્ગદર્શીકા મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૬ (એ) થી (એન) સુધીની કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે અને આવા આરોપીને ગંભીર સજા કરવામાં આવશે. હવે પછી દુષ્કર્મના આરોપીઓ ટેકનિકલ ખામીના કારણે જામીન ઉપર છુટી શકશે નહિ અને મહિલાઓ ખરા અર્થમાં નિર્ભય થઈ રહી શકશે.

એવા રંગે રંગાઈ છું, કે જગ માંહે ચર્ચાઈ છું

રંગ હજી ઉતર્યો નથી એમના ગુલાલનો
ને ફરી પાછી આ ધુળેટી આળી ગઈ !

ફેબ્રુઆરી મહિનો એ અંગ્રેજી ઢબે પ્રેમના એકરારનો, પ્રેમની વિવિધ પ્રકારે અભિવ્યક્તિનો મહિનો ગણાય પણ પ્રેમનો ખરો રંગ ફાગણમાં જ ચડે ને ! હોળી-ધુળેટીના તહેવાર વિશે, એની પરંપરા વિષે અને એની સાથે સંકળાયેલી લોકવાયકાઓ વિષે આપણે સૌ માહિતગાર છીએ જ. પણ હવે દરેક તહેવારની ઉજવણીમાં એક નવો દૃષ્ટિકોણ ઉમેરાયો છે અને એ છે ઈકો ફ્રેન્ડલી સેલીબ્રેશન. ગણપતિ વિસર્જનનો સમય હોય કે હોળી-ધુળેટીનો, વાતાવરણ અને પર્યાવરણની જાળવણી અંગે થોડા મોડા-મોડા પણ આપણે જાગૃત થયા ખરા! સમયની માંગને જોતાં 'સીઈઈ' એટલે કે 'સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન' દ્વારા **'Safe holi'** કેમ્પેઈન શરુ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત બાળકોને અને યુવાનોને ઈકો ફ્રેન્ડલી હોળી રમવા અંગે જાગૃત કરાયા છે. સાથોસાથ **'eco friendly'** હોળી રમવા માટે નેચરલ કલર્સ ઘરે કેવી રીતે બનાવવા તે અંગે પણ એક્સપર્ટ દ્વારા જણાવવામાં આવશે. કેમિકલ કલર્સના કારણે અસ્થમા, સ્કિન એલર્જી જેવી તકલીફો હોય છે. **'eco friendly color'** ઘરે જ આસાનીથી બનાવી શકાય છે. જેમ કે, હળદર અને બેસન મિક્સ કરીને પીળો કલર, કંકુ (શુદ્ધ) અને દાડમની છાલને સૂકવી તેનો પાવડર બનાવી મિક્સ કરવાથી લાલ કલર બને. મહેંદીના પાનને સૂકવી તેનો પાવડર બનાવી ગ્રીન પાલકનો પાવડર પણ મિક્સ કરી શકાય. ઓર્ગેનિક ઓરેન્જ બ્રાઉન કલર બનાવવા માટે ચા અને કૉફી પાણીમાં મિક્સ કરીને થોડા સમય રાખવું અને ત્યારબાદ એ પાણીને ગાળી લેવું.

આપણી આ પ્રકૃતિ કેટકેટલા અવનવા રંગોથી રચાયેલી છે. આ અવનવા રંગો આપણે સૌએ જાણ્યા અને માણ્યા પણ છે. આકાશ જયારે સાવ ચોખ્ખું હોય અને પૂરતો સૂર્યપ્રકાશ હોય ત્યારે કેવું આસમાની રંગનું દેખાય છે. સાંજની સંધ્યા ખીલી હોય ત્યારે કેસરી, લાલ અને પછી કાળો રંગ એમ કોઈ ચિત્રકારની પીંછીથી રંગાયેલ રંગોનું વૈવિધ્યપૂર્ણ કોમ્બીનેશન જોવા મળે છે. વરસાદી માહોલમાં ઝરમર વરસતા વરસાદ બાદ કયારેક અચાનક જ આસમાની રંગના આકાશમાં સપ્તરંગી મેઘધનુષ્યની સુંદરતા જોઈને આપણે ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિના અવનવા રંગોથી અભિભૂત બની જઈએ છીએ. કવિશ્રી જયંત પાઠકની કવિતામાં કુદરતના રંગો ખૂબ સુંદર રીતે વર્ણવાયેલા હોય છે. વાતાવરણમાં હવે ગરમી વર્તાવા લાગી છે ત્યારે શ્રી જયંત પાઠકની તડકા વિષેની આ કવિતામાં કેટકેટલા રંગોનો ઉલ્લેખ થયો છે :

'ભૂરો આકાશી તડકો
ચક્કર લેતી સમડી પાંખે
ચઢ્યો વલોણે -
વૃક્ષપાન છંટાયો શીળો
લીલો તડકો :
સડકો પર ઢોળાયો ભીનો
કાળો તડકો !'

પ્રકૃતિની જેમ જ મનુષ્યનું જીવન પણ અનેક રંગોથી સુશોભિત થયેલું છે. આઝાદી પૂર્વેની કવિતામાં કેટલાય કવિઓએ વર્ણવેલો કસુંબલ રંગ. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું કે,

'હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ.'

આ કસુંબલ રંગ છે દેશદાઝનો રંગ. વ્યક્તિ જયારે યુવાનીમાં પ્રવેશે ત્યારે તેની આંખોમાં સપ્તરંગી શમણાંનો ભીનો ભીનો અહેસાસ ઝળકતો હોય છે. આ ઉંમરમાં આપણે સૌ એક અલગ જ સ્વપ્નસૃષ્ટિમાં રાચતા હોઈએ છીએ. રંગોની અને હોળીની વાત આવે એટલે રાધા-કિષ્નની વાત અચૂક આવે. ગોપીઓની સંગે રાસલીલા રમતા શ્રી કૃષ્ણ હોય કે રાધાજી, હોળી રમતા નંદલાલ; કૃષ્ણનું આ સ્વરુપ ભક્તગણ માટે હરહંમેશ મનભાવન રહ્યુ છે અને આ રંગ છે ભક્તિનો રંગ. ભક્તિરસમાં રસતરબોળ થઈ જનાર વ્યક્તિને ચડ્યો છે આવો જ કંઈક ભક્તિનો રંગ. આ બધાથી સાવ અલગ અને અનોખો એવો એક રંગ છે 'સફેદ' રંગ. સફેદ રંગ એ સાદગી અને શાંતિનું પ્રતિક તો છે જ પણ સાથે સાથે સફેદ રંગ એ વિષાદનો પણ રંગ માનવામાં આવે છે. ડૉ. મુકેશ જોષી લખે છે કે,

''વેદનાઓ આંખથી પરખાય ના,
ને ઉદાસી એમ કંઈ છલકાય ના.
સૂર્ય આથમતો તમે જોઈ શકો
પણ કદી નિરાશ એ દેખાય ના.''

આજકાલ તો વ્યક્તિ પણ સમાયતંરે રંગ બદલતો નજરે ચડે છે. આપણા લોકગીતમાં જીવનનો સાર ખૂબ સુંદર રીતે દર્શાવાયેલો હોય છે. દાસી જીવણનું આ લોકગીત કંઈક આવી જ વાત કરે છે,

'એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ
એ જી એમાં પત રે પોતાની જાય રે હાં...
ઘડીકમાં રંગ ચડે, ઘડીકમાં ઉતરે રે જી,
અને ઘડીકમાં ફટકિયાં થઈને ફૂલાય રે હાં...'

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

આપણું આ જીવન અવનવા રંગોથી છલકાયા કરે છે. જીવનના દરેક તબક્કે ધુળેટીનો રંગ આપણા માટે કંઈક નવો જ સંદેશ લઈને આવે છે. ઉંમરના એક પછી એક પડાવ વીતતા જાય તેમ વ્યક્તિના સ્વભાવમાં અને પસંદગીમાં સમયાંતરે ફેરફાર આવતા જાય છે. હોળી ધુળેટીનું આ પર્વ આપણા જીવનને સદાય રંગોથી હર્યુંભર્યું અને તરબતર રાખે એ જ આજના આ પર્વે આપ સર્વેને શુભકામના.

Last Seen :
એવા રંગે રંગાઈ છું, કે જગ માંહે ચર્ચાઈ છું
માયા મમતા મોસમ યારા, છલકી છલકી રેલાઈ છું.'

- nehalgadhavi101@gmail.com

મીઠાધારો તોડી રાજદ્રોહ વહોરવા ગાંધીજીની દાંડીકૂચ

મહાત્મા ગાંધીએ માર્ચ ૧૯૩૦માં બ્રિટિશ સરકારના 'જંગલી' ગણી શકાય એવા મીઠાના કાનૂને તોડવા માટે દાંડીકૂચનો નિર્ણય કર્યો ત્યારે એ વેળાના કૉંગ્રેસપ્રમુખ પંડિત મોતીલાલ નેહરુ અને થનાર પ્રમુખ પંડિત જવાહર લાલ નેહરુ સહિતના કૉંગ્રેસી આગેવાનોને ગળે એ વાત ઊતરતી નહોતી. બાપુના જમણા હાથ સમા સરદાર પટેલ તો મીઠાના સત્યાગ્રહને બદલે ખેતીકર અને વીધોટી ભરવાના મુદ્દે સત્યાગ્રહના આગ્રહી હતા.

- કેન્દ્રની મનમોહન સરકારે ૮૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવા ધારેલા દાંડી-સ્મારક હજુ ટેન્ડરમાં અટવાયું
- ૧૨ માર્ચે અમદાવાદના દાંડીપુલથી ૭૯ સાથીઓને લઇ મહાત્માએ પ્રસ્થાન કર્યું અને ૫ એપ્રિલે દાંડી પહોંચ્યા.
- રાષ્ટ્રપિતા કહે, મારો ગુનો રાજદ્રોહનો છે, રાજ્યનો દ્રોહ કરવો એ મારો ધર્મ છે, એ ધર્મ પ્રજાને શીખવી રહ્યો છું
- કૂચનો માર્ગ અને કાર્યકરોને અગાઉથી તૈયાર કરવા રાસમાં સરદારે ગુનો કર્યો નહીં,પણ ત્રણ મહિના કેદ થઇ
- બાપુએ સરદારને માટે સાત વર્ષની કેદ કે દેશનિકાલ તથા પોતાના માટે જનમટીપ કે ફાંસી જ યોગ્ય લેખી!

મહાત્માને મન એનું સવિશેષ મહત્ત્વ હતું. કારણ? 'હવા અને પાણી પછી માણસની સૌથી મહત્ત્વની જરૂરિયાત મીઠું જ છે.' ખાદીથી સ્વરાજ આવશે એવું કહેનાર ગાંધીજી મીઠું બનાવવાથી સ્વરાજ આવવાની વાત કરવા માંડ્યા હતા. એ દીર્ઘદ્રષ્ટા હતા. જેમને ગળે મીઠાના સત્યાગ્રહની વાત ઊતરતી નહોતી કે જેઓ એની હાંસી ઊડાવતા હતા, આખરે એ બધાએ કબૂલવું પડ્યું કે જનજાગરણ માટે ગાંધીજીનો આ વિચાર ઉત્તમ અને અહિંસક હતો.

૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ વહેલી સવારે અમદાવાદના સાબરમતી આશ્રમના 'હૃદયકુંજ' નિવાસથી ગાંધીજી દાંડીકૂચ માટે નીકળ્યા અને એમની સાથે ૭૯ જણ જોડાયા. વચ્ચે બે જણ ઉમેરાયાનું નારાયણ દેસાઈ 'મારું જીવન એ જ મારી વાણી'માં નોંધે છે. પાંચમી એપ્રિલ ૧૯૩૦ના રોજ દક્ષિણ ગુજરાતના સાગરકિનારાના જલાલપોર તાલુકાના દાંડી ગામે મુઠ્ઠીભર મીઠું લઈને 'નમક કા કાનૂન તોડ દિયા'ની ગર્જના કરી ત્યારે અંગ્રેજ શાસન પણ હચમચી ગયું હતું. કૉંગ્રેસના પ્રમુખ રહેલા અબ્બાસ તૈયબજી ઉપરાંત ગાંધીજીના મોટાપુત્ર હરિલાલના ૨૦ વર્ષીય પુત્ર કાંતિલાલ તેમજ મહાત્માના પુત્ર મણિલાલ ગાંધી પણ દાંડીકૂચમાં જોડાયા હતા. 'ગાંધીજીના અક્ષરદેહ'ના ૪૩મા ગ્રંથમાં ગાંધીજીએ કૂચના માર્ગે કરેલાં પ્રવચનો વાંચીએ ત્યારે આપણી સામે દાંડીકૂચનાં એ દૃશ્યો તગવા માંડે છે. દેશભરના સર્વધર્મી સાથીઓ ઉપરાંત ફીજી અને નેપાળના પણ સાથી કૂચમાં જોડાયા હતા. મોતીલાલ અને જવાહરલાલ જંબુસરમાં કૂચના રોકાણ દરમિયાન ગાંધીજીને મળ્યા અને અલ્લાહાબાદના ભવ્ય મહાલય 'આનંદ ભવન'ને રાષ્ટ્રને ચરણે ધરવાનો ત્યાં નિર્ણય કર્યો.આનંદભવનને 'સ્વરાજભવન' નામ અપાયું હતું.

દાંડીકૂચનો એકવાર નિર્ણય થયો એટલે સરદાર પટેલ એનો માર્ગ નક્કી કરવા અને જનસમુદાયને તૈયાર કરવા કામે વળ્યા. મીઠાનો કાયદો તોડવાની જવાબદારી તો ગાંધીજી અને એમની સાથે કૂચમાં જોડાનારાઓને શિરે હતી, પણ સરદાર આગોતરી તૈયારીમાં લાગ્યા. ૭ માર્ચે ચરોતરના રાસ ગામે 'કેટલાની જેલ જવાની તૈયારી છે?' એવું પૂછીને ઉપસ્થિતોના જનસમુદાયને સંબોધવા એ હજુ તો માંડ ઊભા થયા કે ખેડાના કલેક્ટર મિ.માસ્ટરે એમને પ્રતિબંધની (ભાષણ કરવાના) યાદ દેવડાવી. સરદારે પ્રતિબંધની અવગણના કરી બોલવાનું વિચાર્યું. એ એક શબ્દ હજુ બોલે એ પહેલાં જ એમની ધરપકડ કરવામાં આવી. આ મુદ્દે સરદારને ત્રણ મહિનાની કેદની સજા ફરમાવાઈ અને એમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા.અહીં સરદારે પોતાની દૈનન્દિની(ડાયરી) પહેલી અને છેલ્લીવાર લખી.અહીં જેલના દરવાજે જ તેમણે સિગારેટ છોડી.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

૧૨ માર્ચથી દાંડીકૂચ શરૂ કરનાર ગાંધીજીએ રાસ પહોંચીને કરેલા પ્રવચનમાં કહ્યું : 'સરદારે નહોતું કર્યું ભાષણ, નહોતું કરવા આવ્યા તોફાન...સરદારનો ગુનો હું સમજી શક્યો નથી. મૅજિસ્ટ્રેટ પણ જાણતા નહોતા. સરદાર જેવા માણસને ત્રણ માસની ટીપ આપવામાં આવે એમાં સરદાર અને સરકાર બંને લજવાય. તેમને તો સાત વર્ષની કે દેશનિકાલની (સજા) હોય. સરકાર મને ત્રણ માસની જેલ આપે તો તેને ન શોભે.મારા જેવાને તો જન્મટીપ કે ફાંસીની સજા શોભે. મારો ગુનો રાજદ્રોહનો છે. આ રાજ્યનો દ્રોહ કરવો એ મારો ધર્મ છે અને એ ધર્મ પ્રજાને શીખવી રહ્યો છું. જે રાજ્યની અંદર જુલમની પરંપરા બંધાઈ રહી હોય, જે રાજ્યની અંદર ગરીબ અને તવંગર ઉપર મીઠા જેવી વસ્તુને એકસરખો કર નાંખવામાં આવતો હોય, જે રાજ્યમાં દરવાન, પોલીસ, લશ્કર પાછળ લખલૂટ ખર્ચ થતો હોય, જે રાજ્યનો મોટો સૂબો રૈયતની આવક કરતાં પાંચ હજાર ગણો પગાર લેતો હોય, જે રાજ્યમાં ૨૫ કરોડ રૂપિયા અફીણ-દારૂમાંથી મેળવાતા હોય અને ૬૦ કરોડ રૂપિયાનું કાપડ પરદેશથી આવતું હોય અને જ્યાં કરોડો માણસ બેકાર રહેતા હોય એવા રાજ્યનો નાશ કરવો, એનો દ્રોહ કરવો અને પ્રતિક્ષણ પ્રાર્થના કરવી કે એ રાજનીતિ બળો એ ધર્મ છે.' (નવજીવન, ૨૩-૩-૧૯૩૦)

ગરીબ માણસ મીઠું ખરીદી શકે નહીં એટલો કમ્મરતોડ વેરો અંગ્રેજ સરકાર લાદે ત્યારે એનું અર્થશાસ્ત્ર પણ ગાંધીજી સુપેરે સમજીને સત્યાગ્રહીઓને સમજાવે છે. 'દમણમાં પોર્ટુગીઝ રાજ છે, ત્યાં મીઠાનો કર નથી. ત્યાં બે આને મણ મીઠું મળે છે, એટલે ત્યાં મીઠું ખરીદી બ્રિટિશ હદમાં લાવતાં કર ન આપીને કાયદો તોડવો એમ એક સજ્જન જણાવે છે.' કાઠિયાવાડમાં પણ મીઠું સસ્તું પડે છે. રાણપુરમાં સવા રૂપિયે પણ મીઠું મળે. રાણપુર બહાર કાઠિયાવાડમાં તેના બહુ બહુ તો ૧૦ આના પડે. મીઠાનો કાયદો રદ કરાવવાનો, અને મીઠાનો કાયદો જે મૂળમાંથી કૂટ્યો છે તે બ્રિટિશ ગુલામી રદ કરવાનો છે. જેમણે મીઠાનો કાયદો રદ્દ કરાવવો છે તેઓ તે રદ્દ કરાવવા પૂરતા આ લડતમાં જોડાય. ગાંધીજી સામાન્યજનને સમજાય તેવી શૈલીમાં-કોશિયાની ભાષામાં-વાતને સુપેરે મૂકીને પ્રજાને અને એના સ્વાભિમાનને ઢંઢોળવાની કોશિષ કરે છે. એ પોતે સામે ચાલીને બ્રિટિશ સત્તાવાળા તેમની સામે કલમ ૧૨૪(અ)હેઠળ રાજદ્રોહનો ખટલો દાખલ કરે એવી અપેક્ષા કરે છે. અત્રે એ યાદ રહે કે બ્રિટિશ ગુલામીના

અનુસંધાન પાના નં. ૭ પર